પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 16-11-2026 **Evening: 7.10 TO 7.20**
Day : Monday **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ વિકાસકાર્યોના બીજા અને ત્રીજા તબક્કાના વિકાસકાર્યોના સ્થળની મુલાકાત લઈ સમીક્ષા કરી.
2) અનંત અનાદિ વડનગર સંગ્રહાલયને જર્મનીમાં પ્રતિષ્ઠિત રેડ ડૉટ: બેસ્ટ ઑફ ધ બેસ્ટ એવોર્ડ **2026** એનાયત.
3) ડિજિટલ ધરપકડના નામે લોકો સાથે દોઢ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરનારા એક વ્યક્તિની ધરપકડ – વડોદરા સાયબર ગુનાશાખાની કાર્યવાહી.
4) રાજ્યમાં આગામી બે દિવસ બાદ ઠંડી વધવાની આગાહી.
5) જાપાનમાં યોજાનારા ટેનિસ વિશ્વકપમાં સુરતના ખેલાડી હાતિમ મોઢની ભારતીય ટીમમાં પસંદગી.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

CM SABARMATI INSPECTION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ વિકાસકાર્યોના બીજા અને ત્રીજા તબક્કાના વિકાસકાર્યોના સ્થળની મુલાકાત લઈ કામોની સમીક્ષા કરી. શ્રી પટેલે પશ્ચિમ કાંઠે અચેરથી પૂર્વ કાંઠે કેમ્પ સદર બજાર વચ્ચે છ લેનના બેરેજ કમ બ્રિજ, રિવરફ્રન્ટના બીજા તબક્કા અંતર્ગત સરદાર પટેલ એન્કલેવ કનોપી માળખાકીય સુવિધા , કોટેશ્વર મહાદેવ મંદિર પાછળ અને ઇન્દિરા બ્રિજની નીચેના વિસ્તારમાં ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું.

તેમજ રિવરફ્રન્ટના ત્રીજા તબક્કા અંતર્ગત કોતરપુર સામે અને પૂર્વ તરફ કરાઈ નજીક નર્મદા કેનાલ એસ્કેપ પાસે કામગીરીની પ્રગતિનું નિરીક્ષણ કરી મુખ્યમંત્રીએ કામની પ્રગતિનો તાગ મેળવ્યો.

GNR CM SNEH MILAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌને પ્રફૂલ્લિત મનથી કામ કરવાની સલાહ આપી.

ગાંધીનગરના કોબામાં ભાજપના પ્રદેશ કાર્યલય શ્રી કમલમ્ ખાતે સ્નેહમિલન સમારોહને સંબોધતા શ્રી પટેલે વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનો સંકલ્પ લેવા આહ્વાન કર્યું હતું.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

નવા વર્ષની શરૂઆત આપણે બધા જઈએ છીએ ને કે પ્રફુલ્લિત મન હોય તો કાર્યની ગતિ ડબલ થાય. તો આજે આપણે સ્નેહમિલનમાં બધા પ્રફુલ્લિત થઈને જઈએ અને દરેક જણનો પ્રેમ જીતવો છે આપણે. કોઈ આપણા માટે કોઈ આપણા માટે સારું બોલ્યો , ખરાબ બોલ્યો એમાં કંઈ પડ્યા વગર દરેક જણનો પ્રેમ, સ્નેહ જીતવો છે. એ સંકલ્પ સાથે જો આપણે વિકસિત ગુજરાત બનાવીએ અને વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનો સંકલ્પ કરીએ અને આગળ વધીએ.

RED DOT: BEST OF THE BEST AWARD 2026

જર્મનીના બર્લિન ખાતે ગુજરાતના અનંત અનાદિ વડનગર સંગ્રહાલયને પ્રતિષ્ઠિત રેડ ડૉટ: બેસ્ટ ઑફ ધ બેસ્ટ એવોર્ડ 2026 એનાયત કરાયો. આ સાથે જ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત પુરસ્કાર મેળવનારું ભારતનું આ પ્રથમ અને એકમાત્ર સંગ્રહાલય બન્યું. કચ્છના સ્મૃતિવન બાદ રેડ ડૉટ સન્માન મેળવનાર ગુજરાત ના બીજા સંગ્રહાલય બનવાની સિદ્ધિ વડનગરના નામે થઈ. આ વૈશ્વિક સન્માનથી રાજ્યના સમૃદ્ધ વારસા , ઐતિહાસિક ધરોહર અને આધુનિક સંગ્રહાલય ડિઝાઇનને આંતરરાષ્ટ્રીય સ્તરે નવી ઓળખ મળી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું.

VDR DIGITAL ARREST

વડોદરા સાયબર ગુનાશાખાએ ડિજિટલ ધરપકડના નામે લોકો સાથે છેતરપિંડી કરનારા એક વ્યક્તિની ધરપકડ કરી. આરોપીએ સરકારી અધિકારી હોવાની ખોટી ઓળખ આપી લોકો સાથે એક કરોડ 71 લાખ રૂપિયાની છેતરપિંડી કરી હોવાનું સાયબર ક્રાઈમના એસીપી એમ. એમ. રાજપૂતે જણાવ્યું.

(BYTE: M. M. RAJPUT, ACP, CYBER CRIME)

જો ટોટલ ચાર ઓફેન્સીસ છે, જે રજિસ્ટર થયા છે, જે હમારે ધ્યાન પે આયે હૈ, ઉસમે કુછ ટોટલ 1.71 કરોડ રૂપિયે કા ટોટલ ફ્રોડ કા જો મની હે, ઉસકે ટ્રાન્જેક્શન હુએ હે, વો સામને આયા હુઆ હૈ. ઉસમે વો જો ચાર ઓફેન્સીસ હે , ઉસમે અભી અકોટા મે તપાસ જારી હૈ , બાકી ટર્ન બાય ટર્ન સભી જગહ પે તપાસ જારી હૈ.

SNGR KHANIJ CHORI

સુરેન્દ્રનગર જિલ્લામાંથી પોલીસ અને ખાણખનીજ વિભાગ દ્વારા ખનીજ ચોરી પકડવામાં આવી. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે , સાયલા તાલુકાના ચિત્રાલાંક અને થાનગઢ તાલુકાના રાવરાણી ગામોની સીમમાં આ કાર્યવાહી કરવામાં આવી. દરમિયાન 30 ગેરકાયદેસર કાર્બોસેલના કૂવા અને 30 લોખંડના પાઈપ , પાંચ બકેટ, 16 ટ્રેક્ટર, 100 મેટ્રિક ટન કાર્બોસેલ મળી કુલ 60 લાખ રૂપિયાનો માલસામાન કબજે કરાયો.

SOMNATH DEMOLITION

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરની આસપાસ દબાણ હટા વાયા. સોમનાથ કૉરિડોર પરિયોજનાના ભાગરૂપે 72થી વધુ હૉટેલ અન રહેણાક મિલકતોને દૂર કરાવી વહીવટી તંત્ર દ્વારા 27 હજાર ચોરસ મીટરની જમીન ખાલી કરાવવામાં આવી છે. આ કામગીરીમાં 10 જેસીબી અને 50 ટ્રેક્ટરને તહેનાત કરાયા હતા.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

EVE JALARAM BAPA JAYANTI OVERALL

રાજ્યભરમાં આજે પૂજ્ય શ્રી જલારામ બાપાની 227મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે . મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના મેમનગર ખાતે યોજાયેલી ભવ્ય શોભાયાત્રા અને મહોત્સવમાં જોડાયા. તેમણે સંતશ્રી જલારામ બાપાના દર્શન અને પૂજા-અર્ચના કરી રાજ્યની સુખ , શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી.

જ્યારે મોરબીના મંદિરમાં કેક કાપીને જલારામ બાપાની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી. આ અંગે જલારામ મંદિરના આગેવાન નિર્મિત કક્કડે પ્રતિક્રિયા આપી.

(BYTE: NIRMIT KAKKAD, JALARAM TEMPLE LEADER)

વિવિધ પ્રકારની માનવસેવા પ્રદાન કરતા મોરબી જલારામધામ ખાતે પૂજ્ય જલારામ બાપાની 227 મી જન્મ જયંતી નિમિત્તે પંચવિધ કાર્યક્રમોનું અનોખું આયોજન કરવામાં આવેલ છે . જે અંતર્ગત સવારે પ્રભાતફેરી , ત્યારબાદ અંકુર દર્શન, વિશેષ વ્યક્તિઓના હસ્તે કેક કટીંગ , મહાઆરતી તેમજ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

ભાવનગરમાં પણ આનંદનગર વિસ્તારમાં આવેલા મંદિરમાં મહાપૂજન , અર્ચન, અન્નકૂટ, મહાઆરતી, મહાપ્રસાદ અને શોભાયાત્રા સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમ યોજાયા. ઉપરાંત વલસાડમાં રામરોટી ચોક ખાતે કલાકારોએ સંતવાણી રજૂ કરી. સાથે જ બપોરે આરતી પછી મહાપ્રસાદનું પણ આયોજન કરાયું હતું. તો, રાજકોટના વિરપુરમાં દેશવિદેશથી ભક્તો જલારામ બાપાના મંદિરે દર્શનાર્થે પહોંચ્યા હતા.

FM VANSADA NATIONAL PARK VISIT

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ નવસારીમાં વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લીધી. તેમણે વન્યજીવ સંરક્ષણ , પ્રવાસીઓ માટેની સુવિધાઓ અને રાષ્ટ્રીય ઉદ્યાનની વ્યવસ્થાનું નિરીક્ષણ કરી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી. શ્રી મોઢવાડિયાએ નવતાડ ખાતે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમના વનિલ ઉદ્યોગની કામગીરીનું પણ નિરીક્ષણ કર્યું.

STATE WEATHER UPDATE

રાજ્યમાં આગામી બે દિવસ સુધી તાપમાનમાં મોટો ફેરફાર થવાની શક્યતા નહીંવત્ છે. ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે, તેમ હવામાન વિભાગ અમદાવાદના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AHMEDABAD)

गुजराती स्टेट के लिए वेदर फोरकास्ट की बात करेंगे तो आने वाले सात दिनों के लिए गुजरात रीजन में और साथ ही सौराष्ट्र-कच्छ रीजन में ड्राई वेदर प्रिवेल करेगा और मिनिमम टेंपरेचर की बात करेंगे तो आने वाले दो दिनों के लिए मिनिमम टेंपरेचर में ज्यादा कोई बदलाव होने का नहीं है और उसके बाद दो दिनों के बाद मिनिमम टेंपरेचर में दो से तीन डिग्री की गिरावट का पूर्वानुमान है.

SRT TENNIS PLAYER SELECTION

સુરતના યુવા ટેનિસ ખેલાડી હાતિમ મોઢની ટેનિસ વિશ્વકપ માટે પસંદગી થઈ છે. જાપાનમાં આ મહિને યોજા નારા ટેનિસ વિશ્વકપ માટે ભારતીય ટીમમાં સમાવેશ થતા ખેલાડી હાતિમ મોઢે આનંદ વ્યક્ત કર્યો.

(BYTE: HATIM MODH, TABLE TENNIS PLAYER, SURAT)

આ વર્ષે વલ્ડ કપ છે, જાપાન ટોક્યોમાં, એમાં મારું સિલેક્શન થયું છે અને પાંચ ખેલાડી એમાં સિલેક્ટ થયા છે , એમાં મારું સમાવેશ થયો છે. મેં છેલ્લા 12 વર્ષથી ટેનિસમાં જોડાયેલો છું અને સવાર સાંજ મારું પ્રોફેશનલી આ જ છે , હું ટેનિસ અંડરમી રહ્યો છું. મારી પૂરી આશા છે કે મેં મેડલ લાવું , ઇન્ડિયા માટે અને ઇન્ડિયાને રિપ્રેઝન્ટ કરું અને છેલ્લા 12 વર્ષથી મારી આ જ મહેનત હતી અને વલ્ડ કપમાં સિલેક્શન થયું છે તો ઘણી ખુશીની વાત છે એમ.

JANJATIYA GAURAV DIVAS TODAY PROG

ભગવાન બિરસા મુંડાની 151-મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત આજે 14 આદિજાતિ જિલ્લામાં જિલ્લાદીઠ એક પ્રબુદ્ધ નાગરિક સંમેલન સમારોહ યોજાયો.

તાપીમાં વ્યારા ખાતે, મહીસાગરમાં લુણાવાડાના મોટા સોનેલા ખાતે અને ડાંગમાં પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયો હતો.

VAV THARAD PLOT SANAD

વાવ થરાદ જિલ્લાના નાગલા ગામના 371 પરિવારને પોતાના રહેણાક પ્લોટની સનદનું વિતરણ કરાયું. વર્ષ 2016-17થી અટવાયેલી પુનર્વસનની પ્રક્રિયાને સરકારની મંજૂરી મળતા એક જ દિવસમાં આ પરિવારોને સનદ અપાઈ.